# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સરકારે છેલ્લા 12 વર્ષમાં દેશના યુવાનો, મહિલાઓ અને ખેડૂતોને સશક્ત બનાવવામાં કોઈ કસર છોડી નથી.
2. નફરતનો માહોલ સર્જી રહ્યું હોવાનુ કહીને ભારતે સંયુક્ત રાષ્ટ્ર સંઘના સંયુક્ત સત્રમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી.
3. મધ્યપ્રદેશના ઇન્દોરમાં આજથી બ્રિક્સ કૃષિ પરિષદનો પ્રારંભ થયો.
4. સરકારે કોલસા વિનિમય નિયમો સૂચિત કરતાં દેશમાં કોલસા વિનિમયનો માર્ગ મોકળો થયો.
5. ફિલિપાઇન્સમાં, ગઈકાલે આવેલા 7.8 ની તીવ્રતાના વિનાશક ભૂકંપ બાદ મૃત્યુઆંક વધીને 37 થયો.
6. ભગવાન બિરસા મુંડાના શહીદ દિવસ પર દેશભરમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-GOVT EFFORTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સરકારે છેલ્લા 12 વર્ષમાં દેશના યુવાનો, મહિલાઓ અને ખેડૂતોને સશક્ત બનાવવામાં કોઈ કસર છોડી નથી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, 140 કરોડ નાગરિકોના આશીર્વાદ અને રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી પ્રેરિત થઈને સરકાર - વિશ્વાસ, વિકાસ અને જન કલ્યાણ માટે સમર્પિત છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ અથાક પ્રયાસોના પરિણામે, દેશે આજે વૈશ્વિક મંચ પર માળખાગત સુવિધાઓથી લઈને ડિજિટલ ક્રાંતિ સુધી એક નવી ઓળખ પ્રાપ્ત કરી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યુ, સરકાર વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સેવા, સુશાસન અને સમૃદ્ધિના માર્ગ પર આગળ વધશે.

# PUDUCHERRY - CABINET EXPANSION

પુડુચેરીના મુખ્યમંત્રી એન. રંગાસામીના પ્રસ્તાવ બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કેન્દ્રશાસિત પ્રદેશના મંત્રી પરિષદમાં ત્રણ મંત્રીઓની નિમણૂક કરી છે. ગૃહ મંત્રાલયના જાહેરનામા  અનુસાર, ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસના ધારાસભ્યો પી. રાજવેલુ અને વી. પી. શિવકોલુંધુ અને ભાજપના ધારાસભ્ય જી. એન. એસ. રાજશેખરનને પુડુચેરી સરકારમાં મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ નિમણૂકો તેમના શપથ ગ્રહણની તારીખથી અમલમાં આવશે. આ સાથે, પુડુચેરીમાં મંત્રીમંડળનું વિસ્તરણ પૂર્ણ થયું છે.

# INDIA-PAK UN

નફરતનો માહોલ સર્જી  રહ્યું હોવાનો આરોપ લગાવીને ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી છે.. પાકિસ્તાન ધાર્મિક પરિભાષાનો દૂરઉપયોગ કરીને તેના નાગરિકોમાં ભારત પ્રત્યે વેરભાવ ઉભો કરી રહ્યું હોવાનો ભારતે આરોપ લગાવ્યો હતો... ભારતે ઇસ્લામાબાદની કડક શબ્દોમાં  ટીકા કરતા કહ્યુ હતું કે  પોતાના પ્રદેશમાં કાર્યરત આતંકવાદી સંગઠનોને 'ફિટના અલ હિન્દુસ્તાન' તરીકે લેબલ કરીને અપપ્રચાર કરી રહ્યું છે..

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સત્રમાં બોલતા, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત પર્વતાનેની હરીશે કહ્યું કે ઇસ્લામાબાદ ફક્ત નવી દિલ્હી પર દોષારોપણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનના રાજકીય માળખા અને શાસનમાં તેની સૈન્યની ભૂમિકાને નિશાન બનાવીને  ભારતે તાજેતરના બંધારણીય સુધારાઓના નામે  નાગરિકોના અધિકાર  પર તરાપ મારી લશ્કરી  પકડ મજબૂત કરવાનો પણ  પ્રયાસ થતો હોવાનું કહ્યુ હતું..

અફઘાનિસ્તાન પરના હવાઇ હુમલામાં મોટી જાનહાની કરવા માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવ્યું. શ્રી હરીશે ઉમેર્યું હતું કે લશ્કરી કાર્યવાહીના નામે હત્યાકાંડ કરવાથી ગુનેગારને મુક્તિ મળતી નથી. આંતરિક ખામીઓ માટે પડોશીઓને જવાબદાર ઠેરવવાનો પાકિસ્તાનનો લાંબો ટ્રેક રેકોર્ડ રહ્યો હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે.

# DAY BRICS-AGRICULTURE CONFERENCE

મધ્યપ્રદેશના ઇન્દોરમાં આજથી બ્રિક્સ કૃષિ પરિષદનો પ્રારંભ થયો છે. બ્રાઝિલ, ઇન્ડોનેશિયા, ચીન, ઈરાન, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાત સહિતના 21 દેશોના કૃષિ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતો આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.

ખાદ્ય સુરક્ષા, કૃષિ નવીનતા, આબોહવા-અનુકૂળ ખેતી, કૃષિ વેપાર અને નાના ખેડૂતોને સશક્તિકરણ સહિતના વિષયો પર આજે વિવિધ સત્રો યોજાશે. આગામી 12મી તારીખે, કૃષિ મંત્રીઓ વચ્ચે એક ખાસ સંવાદ યોજાશે. જેમાં નાના ખેડૂતો, મહિલાઓ અને યુવાનો દ્વારા ખાદ્ય સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. 13મી જૂને, બ્રિક્સ રાષ્ટ્રોની મંત્રી સ્તરની બેઠક યોજાશે.

દરમિયાન વિદેશી પ્રતિનિધિઓ ઇન્દોરની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાનો સ્વાદ માણશે. તેઓ રાજવાડા, સરાફા અને માંડુ જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત પણ લેશે.

# COAL MINISTRY-RULES

કોલસા મંત્રાલયે કોલસા વિનિમય નિયમો, 2026 ને સૂચિત કર્યા છે. જેને કારણે દેશમાં કોલસા વિનિમયનો માર્ગ મોકળો થયો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવું માળખું કોલસા બજારને પરંપરાગત વેચાણ મોડેલથી સ્પર્ધાત્મક બજારમાં પરિવર્તિત કરશે અને કાર્યક્ષમતામાં સુધારો કરશે.

કોલસા નિયંત્રક સંગઠન વિવિધ બજાર એક્સચેન્જનું નિયમન અને નોંધણી કરશે. આ પહેલ ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવશે, ઔદ્યોગિક વિકાસને ટેકો આપશે અને વધુ સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ કોલસા બજાર દ્વારા વિકસિત ભારતના વિઝનમાં યોગદાન આપશે.

# ED RAID

હેમ્પટન સ્કાય રિયલ્ટી લિમિટેડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પંજાબ, ઉત્તર પ્રદેશ અને દિલ્હી NCRમાં છ જગ્યાઓ પર સર્ચ ઓપરેશન ચલાવી રહ્યું છે. આ સ્થળોમાં પંજાબમાં લુધિયાણા અને જલંધર, ઉત્તર પ્રદેશમાં બરેલી અને દિલ્હી-નોઇડા ક્ષેત્રનો સમાવેશ થાય છે.

ED અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે જગ્યાઓને આવરી લેવામાં આવી રહી છે તેમાં હેમ્પટન સ્કાય રિયલ્ટી લિમિટેડ સાથે જોડાયેલા વ્યક્તિઓ અને સંસ્થાઓ સાથે જોડાયેલા રહેઠાણો અને વ્યવસાયિક કચેરીઓ બંનેનો સમાવેશ થાય છે.

# JAMMU KASHMIR – AMARNATH YATRA

જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રા 2026 ના સુગમ અને સફળ સંચાલન માટે ઉચ્ચ અધિકારીઓએ વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરી. જમ્મુના વિભાગીય કમિશનર રમેશ કુમાર અને જમ્મુ ઝોનના પોલીસ મહાનિરીક્ષક ભીમ સેન તુતીએ ગઇકાલે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા રામબન જિલ્લાની મુલાકાત લીધી હતી. ઉચ્ચ અધિકારીઓએ પોલીસ, સેના, CRPF અને અન્ય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ સાથે સુરક્ષા વ્યવસ્થા અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

દરમિયાન વિભાગીય કમિશનરે ચંદ્રકોટના યાત્રી નિવાસ ખાતે વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ASSAM LICCHI EXPORT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે આસામની પ્રખ્યાત GI - ટેગવાળી તેઝપુર લીચી આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચી રહી છે. તેમણે કહ્યું કે કૃષિ અને પ્રક્રિયા કરેલ ખાદ્ય ઉત્પાદનનું નિકાસ વિકાસ સત્તામંડળ, APEDA ના સમર્થનથી તેઝપુર લીચીનું પ્રથમ નિકાસ શિપમેન્ટ દુબઈ માટે રવાના થયું

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે આ પહેલ પ્રદેશની લીચીને વૈશ્વિક સ્તરે ઓળખ આપશે, ખેડૂતોને વધુ સારા ભાવ મેળવવામાં મદદ કરશે અને ઉત્તરપૂર્વ ભારતના કૃષિ ઉત્પાદનો માટે નવી તકો ઊભી કરશે.

# PHILIPPINES- DEATH TOLL

ફિલિપાઇન્સમાં, ગઈકાલે આવેલા 7.8 ની તીવ્રતાના ભૂકંપ બાદ મૃત્યુઆંક વધીને 37 થઈ ગયો છે. 500 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે જ્યારે ચાર થી વધુ વ્યક્તિ ગુમ થયા છે. મોટી સંખ્યામાં લોકોને આશ્રયસ્થાનોમાં વિસ્થાપિત કરાયા છે.

ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે કહ્યું છે કે એજન્સીઓ આપત્તિ પ્રતિભાવનું સંકલન કરી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોની શાળાઓમા વર્ગો સ્થગિત કરવાનો પણ આદેશ આપ્યો છે.

# AMRICA-IRAN-ISRAEL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તાત્કાલિક યુદ્ધવિરામની અપીલ બાદ ઈરાન અને ઈઝરાયલે એકબીજા સામે હુમલા બંધ કરવાની અપીલ કરી છે.

જોકે, તેહરાને ચેતવણી આપી છે કે જો ઈઝરાયલ લેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલા ચાલુ રાખશે તો તે ફરીથી લશ્કરી કાર્યવાહી શરૂ કરશે. બીજી તરફ, ઈઝરાયલના સંરક્ષણમંત્રી ઈઝરાયલ કાત્ઝે પણ ચેતવણી આપી છે કે જો ઉત્તરી ઈઝરાયલ પર હુમલા ચાલુ રહેશે તો ઈઝરાયલ દક્ષિણ બેરૂતમાં હિઝબુલ્લાહના ગઢને ફરીથી નિશાન બનાવશે.

એપ્રિલમાં યુદ્ધવિરામ થયા બાદ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો આ તાજેતરનો સંઘર્ષ સૌથી આક્રમક હતો. ઈરાને રવિવારે રાત્રે ઈઝરાયલી પ્રદેશ તરફ મિસાઈલો છોડ્યા, આ હુમલાને બેરૂત નજીક હિઝબુલ્લાહના ગઢ પર ઈઝરાયલી હુમલાનો બદલો ગણાવાઇ રહ્યો છે.

જવાબમાં, ઈઝરાયલે દક્ષિણપશ્ચિમ ઈરાનમાં એક પેટ્રોકેમિકલ સુવિધાને નિશાન બનાવી, આરોપ લગાવ્યો કે તે બેલિસ્ટિક મિસાઈલ ઉત્પાદનમાં સામેલ છે.

# COLOMBO HIGHCOURT

કોલંબો હાઈકોર્ટે ભૂતપૂર્વ નાયબ મંત્રી સરના ગુણવર્ધનેને ભ્રષ્ટાચારના આરોપમાં દોષિત ઠેરવ્યા છે.

2006 માં ડેવલપમેન્ટ લોટરી બોર્ડના અધ્યક્ષ તરીકેના કાર્યકાળ દરમિયાન ભાડાના ધોરણે વાહનોની ખરીદી સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના આરોપોમાં તેમને કોર્ટે દોષિત જાહેર કર્યા છે.

લાંચ અથવા ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરવા માટેના કમિશન (CIABOC) દ્વારા દાખલ કરાયેલા કેસમાં હાઈકોર્ટના ન્યાયાધીશ મોહમ્મદ મિહૈલે આ ચુકાદો આપ્યો હતો. ફરિયાદીઓએ આરોપ લગાવ્યો હતો કે આ વ્યવહારોથી રાજ્યને નાણાકીય નુકસાન થયું છે. વકીલોની રજૂઆતો સાંભળ્યા પછી કોર્ટ સજાની જાહેરાત કરશે.

# VP-HM BIRSA MUNDA

ભગવાન બિરસા મુંડાના શહિદ દિવસ નિમિત્તે રાષ્ટ્રભરમાં શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે.

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન તેમજ ગૃહમંત્રી અમિત શાહ સહિત વિવિધ મહાનુભાવોએ આજે ભગવાન બિરસા મુંડાને તેમના શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ધરતી આબાનું જીવન હિંમત, આત્મસન્માન અને ન્યાય પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તેમણે ઉમેર્યું કે ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમુદાયોને તેમના અધિકારો, ઓળખ અને ગૌરવનું રક્ષણ કરવા પ્રેરણા આપી.

ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે આજે પણ, ધાર્મિક પરિવર્તન સામે બિરસા મુંડાના સંઘર્ષો અને આદિવાસી ગૌરવ પ્રત્યેનું તેમનું સમર્પણ લાખો દેશવાસીઓ માટે પ્રેરણારૂપ છે.

# WOMEN COMMENTATORS - WORLD CUP

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ - ICC એ ઇંગ્લેન્ડ અને વેલ્સમાં આગામી મહિલા T20 વર્લ્ડ કપ માટે કોમેન્ટેટર્સની સ્ટાર-સ્ટડેડ યાદી જાહેર કરી છે. મહિલા-નેતૃત્વવાળી કોમેન્ટરી ટીમમાં ભૂતપૂર્વ કેપ્ટન અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ મિતાલી રાજ, અંજુમ ચોપરા અને વેદ કૃષ્ણમૂર્તિ સહિત અનેક ભારતીય નામો સામેલ છે. પુરુષ કોમેન્ટેટર્સ તરીકે ભારતના દિનેશ કાર્તિક તેમજ  જતીન સપ્રુ પણ કોમેન્ટરી બોક્સમાં જોડાશે.

મહિલા T20 વર્લ્ડ કપની 10મી આવૃત્તિ શુક્રવારથી બર્મિંગહામના એજબેસ્ટન ખાતે યજમાન ઇંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે ઓપનિંગ મેચ સાથે શરૂ થશે.

# WEATHER

ઉત્તર પશ્ચિમ અને ઉત્તરીય રાજ્યોમાં ગરમીની આગાહી કરી છે. કોંકણ અને ગોવા, ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના સ્થળોએ દિવસ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની ધારણા છે.

દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, માહે અને ઉત્તર અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં આજે ભારે વરસાદ પડી શકે છે. ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી અને ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી 2 દિવસ દરમિયાન ભારે વરસાદ પડવાની ધારણા છે.

આજે અરુણાચલ પ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, રાજસ્થાનના કેટલાક ભાગો, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વ ભારતમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી છે.

દરમિયાન, દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ગઈકાલે પશ્ચિમ મધ્ય અને પૂર્વ મધ્ય અરબી સમુદ્રના કેટલાક ભાગો, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે.